**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


તા.૧૦/૦૨/૨૦૧૮  શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૨૮૦/૧૮**

## નરોડા પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૧૪૫/૧૩ ધી ઇ પી કો કલમ ૩૭૯ મુજબના કામે આરોપી તથા એકટીવા કિ રુ ૫૦,૦૦૦/નો મુદામાલ રીકવર કરતી વેજલપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

આજરોજ તા ૦૯।૦૨।૧૮ ના કલાક ૨૩।૦૦ થી મે પોલીસ કમીશ્નર સા શ્રી અમદાવાદ શહેર નાઓ તરફથી કોમ્બીંગ નાઇટનુ આયોજન કરવામાં આવેલ હોય જે આધારે સંયુકત પોલીસ કમીશ્નર સેકટર ૧ સા તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી એન ડિવીઝન નાઓની મૌખીક સુચના કરેલ કે વાહન ચોરી તથા ઘરફોડ ચોરીના ગુન્હા બનતા અટકાવવા સારુ તેમજ બનેલ મીલ્કત સંબધી બનાવો શોધી કાઢવા સારુ તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવા સારુ અમારા સીધા માગદર્શન હેઠળ પ્રો પો સબ ઇન્સ એ ડી દેસાઇ સા તથા બીજા સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો કોન્સ સુરેશભાઇ લાલજીભાઇ બનં ૧૦૩૪૦ તથા પો કોન્સ સીરાજુદીન યુનુસભાઇ બનં ૪૦૮૫ નાઓની બાતમી હકિકત આધારે આરોપી નામે કનુભાઇ શનાભાઇ પરમાર ઉવ ૩૦ રહે ગામ નવાનગર પરમારવાસ તા દહેગામ જી ગાંધીનગર નાઓના કબ્જામાંથી એક હોન્ડા કંપનીનો એકટીવા જેનો અસલ આર ટી ઓ નંબર GJ-01-PD-6945 ને બદલી નવો નંબર GJ-01-AK-9801 જેનો એ।નં JC44E2306991 તથા ચે।નં।ME4JC447JC8196052 જેની કિમત રુ ૫૦,૦૦૦/ ની ગણી શકાય જેનો પોંતાના અંગત ઉપયોગ માટી વાપરી સદરી આરોપીને મુદામાલ સાથે આજરોજ તા ૦૯।૦૨।૨૦૧૮ ના કલાક ૨૪।૦૦ વાગે પકડી અટક કરી નરોડા પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૧૪૫/૧૩ ધી ઇ પી કો કલમ ૩૭૯ મુજબનો ગુન્હાનો ભેદ ઉકેલી પ્રશંસનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા ૧૦।૦૨।૨૦૧૮

## પાસા અટકાયતીને પકડતી જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ચોરીની અસામાજિક પ્રવૃત્તિ અટકાવવા સારૂ અસરકારક પગલાં લેવાં કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓનાવ માર્ગદર્શન અનુસાર પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અહેકો રણજીતસિંહ મફતસિંહ તથા અપોકો સલીમ મુસ્તુફામિંયાની સંયુક્ત બાતમી હકીકત આધારે અત્રેના જીઆઈડીસી વટવા પો.સ્ટે અમદાવાદ શહેર વિસ્તારમાં રહેતો <u>અમરતભાઈ સ/ઓ કમશીભાઈ રબારી ઉ.વ ૪૦ રહે- મ.નં ૧૧૩ નવી વસાહત દેવીમા સાયકલ સ્ટોર પાસે જશોદાનગર અમદાવાદ શહેર.</u> નાને પકડેલ હોય.જે પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય તેમજ પ્રોહબિશનની પ્રવૃત્તિ કરતો હોય.તેની ઉપર જીઆઈડીસી વટવા પો.સ્ટેના નીચે મુજબના બે ગુના નોંધાયેલ છે.

(૧) જીઆઈડીસી વટવા પો.સ્ટે પ્રોહી.ગુ.ર.નં ૫૨૬૭/૧૫ ધી પ્રોહી કલમ ૬૬(બી),૬૫(ઈ), ૬૮,૮૧,૬૬(૧)બી,૮૪
(૨) જીઆઈડીસી વટવા પો.સ્ટે પ્રોહી.ગુ.ર.નં ૫૦૧૧/૧૮ ધી પ્રોહી કલમ ૬૬(બી),૬૫(ઈ),

સદરી આરોપી વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસાહુકમ નંબર- ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૧૧૮/૧૮ તા:૦૭/૦૨/૨૦૧૮ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને તેઓના રહેણાંકના સરમાને વૉચમાં રહી મળી આવતા પકડી લઈ આજરોજ તા:૧૦/૦૨/૧૭ ના ક:૧૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જામનગર જીલ્લા જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

---

## વાહન ચોરી કરતા ચોર ઇસમને પકડી લેતી

## કાલુપુર પોલીસ

મે. વિશેષ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સે-૧ સાહેબ તથા મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ નાઓની સુચનાથી તથા મે. એ.સી.પી. સાશ્રી 'ડી' ડિવિજન તથા કાલુપુર સિનિયર પો. ઇન્સ શ્રી આર.જી.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એન.બી.સોલંકી તથા સાથેના પો.કો. રાકેશકુમાર શંકરલાલ તથા પો.કો. સુરેશભાઇ ઇશ્વરભાઇ નાઓને મળેલ ખાનગી બાતમી આધારે કાલુપુર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં ૮૬/૧૭ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના કામે આરોપી યશ ઉર્ફે મિટ્ટુ સ/ઓ નરેશભાઇ વસંતરામ જાતે બચાની (સિંધી) ઉ.વ. ૨૧ રહે- મ.નં. ૧૨, હરિકૃષ્ણ એપાર્ટમેન્ટ એ વોર્ડ કુબેરનગર, અમદાવાદ નાને કાલુપુર, સારંગપુર માધુબાગ કચરા પેટી પાસે જાહેર રોડ પર એક્ટિવા સાથે પકડી ચેનકેન પ્રકારે પુછપરછ કરતા ગુનાના કામે ચોરેલ એક્ટિવા સને **૨૦૧૭ મોડલ નુ જેનો RTO નં GJ-01-MU-3837 જે** સફેદ કલર **નુ જેનો એન્જીન નં JF50EU6154723 તથા ચેચીસ નં ME4JF509AHU154660 નો જે** એકટીવા ની **હાલ ની અંદાજીત કિમત રૂપિયા ૩૫,૦૦૦/ ગણાય જે** ગુનાના કામે પંચનામાની વિગતે કબ્જે કરેલ છે અને સદર આરોપીને ઉપરોક્ત ગુનાના કામે ગઇકાલ તા. ૦૮/૦૨/૨૦૧૮ ના કલાક ૧૭/૩૦ વાગ્યે અટક કરવામા આવેલ છે અને હાલમા તપાસ ચાલુ છે.

---

## એક્ટીવા ચોરને પકડી વટવા પો.સ્ટેનો ચોરીનો ગુનો શોધતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમાં હાલમાં વધતા જતાં ચોરીના બનાવ અટકાવવા તેમજ થયેલ ચોરીના ભેદ ઉકેલવા સુચના આપેલ જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ જીઆઈડીસી વટવા પો.સ્ટે નાઓના માર્ગદર્શન અનુસાર સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના માણસો તા:૦૯/૦૨/૨૦૧૮ ના રોજ જીઆઇડીસી વટવા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અપોકો રાજેન્દ્રસિંહ ભાવસિંહ નાઓની બાતમી આધારે ત્રિકમપુરા પાટીયા પાસે જાહેરમાં એક ઈસમ <u>આશીક ગીરીશભાઈ જાની ઉ.વ- ૧૯ રહે.મ.નં ૧૩, લવલેશ સોસાયટી સમીર હોટલના ખાંચામાં જશોદાનગર અમદાવાદ શહેર</u> નાને હોન્ડા એક્ટીવા નં GJ-27-AB-7749 કિંમત રૂ ૨૫૦૦૦/- સાથે મળી આવતા તેની પૂછપરછ કરતા તેણે આ એક્ટીવા વીસેક દિવસ અગાઉ વટવા સ્મૃતિ મંદિર આગળના ગેટ પાસેથી ચોરી કરેલ હોવાનું જણાવેલ જેથી તેને તા:૦૯/૦૨/૧૮ ના ક: ૧૬/૦૦ વાગે સદરી આરોપીને સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરેલ છે.આ રીતે વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં ૧૯/૧૮ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબના ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.